# પ્રસાર ભારતી
# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date: 11-03-2025** **Day: TUESDAY** **MORNING: 6.50 TO 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **શિતલ વૈષ્ણવ** વાંચે છે.

---

## PM : મોરેશિયસ મુલાકાત

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે મોરેશિયસની બે દિવસની પોર્ટ લુઇસ પહોંચશે. પ્રધાનમંત્રીએ કહ્યું કે તેઓ મોરેશિયસના નેતાઓ સાથે ભાગીદારી વધારવા અને હિંદ મહાસાગર ક્ષેત્રમાં લોકોની પ્રગતિ અને સમૃદ્ધિ તેમજ સુરક્ષા અને વિકાસ માટે સ્થાયી મિત્રતાને મજબૂત બનાવવાની તકોની રાહ જુએ છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ મુલાકાત ભૂતકાળના પાયા પર નિર્માણ કરશે અને ભારત અને મોરેશિયસ વચ્ચેના સંબંધોમાં એક નવા અને તેજસ્વી અધ્યાયની શરૂઆત કરશે. શ્રી મોદી આજે સર સીવુસાગુર રામગુલામ બોટનિકલ ગાર્ડનની મુલાકાત લેશે અને સર સીવુસાગુર રામગુલામ અને સર અનરુદ જુગનાથને શ્રદ્ધાંજલિ આપશે. પ્રધાનમંત્રી રાષ્ટ્રપતિ ધર્મ ગોકુલને મળશે. શ્રી મોદી આજે સાંજે એક સમુદાય કાર્યક્રમમાં ભાગ લેશે. બાદમાં, શ્રી મોદી તેમના મોરેશિયસ સમકક્ષ નવીન ચંદ્ર રામગુલામને મળશે. પ્રધાનમંત્રી મોદી આવતીકાલે મોરેશિયસના રાષ્ટ્રીય દિવસ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે. આ સમારોહમાં ભારતીય નૌકાદળના જહાજ સાથે ભારતીય સંરક્ષણ દળોની ટુકડી ભાગ લેશે. આ મુલાકાત દરમિયાન દરિયાઈ સુરક્ષા, ક્ષમતા નિર્માણ અને વેપારના ક્ષેત્રોમાં અનેક કરારો પર હસ્તાક્ષર થવાની શક્યતા છે.**

**--------------------------------------------------------------------------------------**

## રેલવે સુધારા ખરડો 2024 -:

**સંસદમાં ગઈકાલે રેલવે સુધારા ખરડો 2024 પસાર કરવામાં આવ્યો છે.કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે ગઈકાલે રાજ્યસભામાં ચર્ચા અને પસાર કરાવવા આ ખરડો રજૂ કર્યો હતો, જેને રાજ્યસભાએ મંજૂરી આપી છે. આ ખરડામાં રેલવે અધિનિયમ 1989માં સુધારા કરી અને રેલવે બૉર્ડની શક્તિને વધારવા, કાર્યપ્રણાલી તેમ જ સ્વતંત્રતા વધારવાની જોગવાઈ છે. લોકસભા દ્વારા પહેલા જ આ ખરડાને મંજૂરી અપાઈ છે.**

બીજી તરફ વહાણ માલસામાનને લગતો ખરડો, 2024 લોકસભામાં પસાર થયો. આ ખરડો ભારતીય શિપિંગ અધિનિયમ, 1856નું સ્થાન લેશે, જે શિપમેન્ટના પ્રકાશન માટે કાયદાકીય માળખું પૂરું પાડે છે.

------------------------------------------------------------------------

## નાણામંત્રી અનુદાન માટે માગણી :

સરકારે પ્રવર્તમાન નાણાકીય વર્ષમાં 51 હજાર 462 કરોડ રૂપિયા વધુ ખર્ચ કરવા માટે સંસદ પાસે મંજૂરી માગી છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે ગઈકાલે લોકસભાના બીજા તબક્કાના અનુદાન માટેની પૂરક માગ રજૂ કરી હતી. સરકાર દ્વારા માગવામાં આવેલો વધારાનો ખર્ચ છ લાખ 78 હજાર 508 કરોડ રૂપિયાથી વધુ છે. આ ખર્ચમાં ખાતર સબસિડી માટે 12 હજાર કરોડ રૂપિયા અને સરકારી કર્મચારીઓ માટે પેન્શન યોજના સહિત સરકારી કર્મચારીઓ માટે પેન્શન માટે 13 હજાર 449 કરોડ રૂપિયા સામેલ છે. કુલ ખર્ચમાં સંરક્ષણ પેન્શન માટે આઠ હજાર 476 કરોડ રૂપિયા અને દૂરસંચાર વિભાગને પાંચ હજાર 322 કરોડ રૂપિયાનો પણ સમાવેશ થાય છે.

------------------------------------------------------------------------

## કચ્છમાં નર્મદાનું પાણી :

વિધાનસભા ગૃહમાં રાજ્ય મંત્રી મુકેશ પટેલે જણાવ્યું કે, ઉત્તર ગુજરાતના દરેક ગામ સુધી નર્મદાનું પાણી પહોંચાડવા માટે સુજલામ સુફલામ યોજના હેઠળ 4 હજાર 804 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે કુલ 13 ઉદ્વહન પાઈપલાઇનની કામગીરી પૂર્ણ થઈ છે.ધારાસભ્યના પ્રશ્નનો જવાબ આપતાં શ્રી પટેલે જણાવ્યું કે કચ્છ જિલ્લાના અબડાસા અને લખપત તાલુકામાં સિંચાઈ માટે નર્મદાના પાણી પહોંચાડવાની પ્રથમ તબક્કાની કામગીરી ટૂંક સમયમાં પૂર્ણ થશે.

------------------------------------------------------------------------

## ફાગણી પૂનમની ઉજવણી:

રાજ્યભરના મંદિરોમાં ફાગણી પૂનમની ઉજવણી માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ફાગણી પૂનમના દિવસે ભક્તો, ભગવાન સાથે રંગોથી રમી ફૂલડોલ ઉત્સવની ઉજવણી કરશે.

**દ્વારકા જગત મંદિર ખાતે ભક્તો માટે વિશેષ વ્યવસ્થાઓ કરાઇ છે. પદયાત્રીઓ, દ્વારકા પહોંચી રહ્યા છે, ત્યારે તેમની સુવિધાઓ માટે મંડપો, ભોજન-પાણી સહિતની વ્યવસ્થાઓ કરાઇ છે.**

**યાત્રાધામ શામળાજી ખાતે પણ હોળી-ધૂળેટીના પર્વની રંગારંગ ઉજવણી કરાશે.**

**ડાકોર ખાતે પણ ગઈકાલથી ફાગણી પૂનમ ઉત્સવનો પ્રારંભ થયો છે.**

---

## એસ-ટી દ્વારા વધારા બસો :

**હોળી ધૂળેટી પર્વને ધ્યાનમાં રાખી એસ-ટી વિભાગ 1200 જેટલી વધારાની બસો દોડાવશે. હોળી ધૂળેટીના તહેવારોમાં લોકોનો વતને જવા ધસારો રહેતો હોવાથી એસ-ટી વિભાગ દ્વારા વધારાના ફેરાનું આયોજન કરાયું છે.**

**આ તહેવારમાં ડાકોરના રણછોડરાયના દર્શને મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવતા હોવાથી ડાકોર જવા 500 જેટલી બસો થકી 4 હજાર ફેરા કરાશે.**

---

## હવામાન- ગરમીનું મોજું :

રાજ્યમાં હીટવેવની આગાહી વચ્ચે કચ્છ સહિત રાજ્યમાં ગરમીનું તીવ્ર મોજું ફરી વળ્યું હતું. ભુજમાં ગઇકાલે મહત્તમ પારો 42 ડિગ્રીના આંકે પહોંચતાં કચ્છનું મુખ્ય મથક રાજ્યનું મોખરાનું ગરમ સ્થળ બન્યું હતું. હજુ ત્રણ દિવસ હવામાન વિભાગે યલો એલર્ટ જારી કરતાં જિલ્લાવાસીઓને ગરમીમાં કોઇ રાહત મળવાના સંકેત નથી. સામાન્યથી આઠ ડિગ્રી ઊંચું મહત્તમ તાપમાન નોંધાતાં ભુજ ફાગણમાં જ તીવ્ર ગરમી અનુભવાઇ હતી. ગઇકાલે સવારના 10 વાગ્યાથી જ તડકાએ પોતાનો આકરો મિજાજ દેખાડવાનું શરૂ કરી દીધું હતું. હવામાન વિભાગે ત્રણ દિવસ ગરમીનું આકરું મોજું કચ્છને અકળાવશે તેવી આગાહી કરી છે, ત્યારે કચ્છના બે સહિત રાજ્યના 11 શહરે એવા છે કે, જેમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રીથી વધુ નોંધાયું હતું.

---